bluebytes
news that matters

दिव्य भास्कर

Wednesday, March 10, 2010

**Why there is no tax on bidi? question from tobacco against association**

Publication: Divya Bhaskar, Edition: Mumbai, Journalist: Bureau, Page No: 1, Location: Middle-Center, Width(cms): 17, Height(cms): 11, Size(sq.cms): 187

# બીડી પર વેરો કેમ નહીં લાદ્યો? તમાકુ સામે લડત ચલાવતી સંસ્થાનો સવાલ

ભાસ્કર ન્યૂઝ. મુંબઈ

બજેટ ૨૦૧૦માં સિગારેટો ઉપર ૧૧-૧૮ ટકાનો વેરો લાદ્યો પણ બીડી પર વેરો કેમ નહીં લાદ્યો એવો સવાલ તમાકુ સામે લડત ચલાવતી સંસ્થાએ કેન્દ્રીય નાણાં પ્રધાનને કર્યો છે.

હીલિસ-સખસેરિયા ઈન્સ્ટિટ્યૂટ ફોર પબ્લિક હેલ્થના સંચાલક ડૉ. પ્રકાશ સી. ગુપ્તાએ જણાવ્યું હતું કે ભારતમાં વિશ્વની તુલનામાં સૌથી વધુ ૮૫ ટકાથી વધુ ઉત્પાદન થાય છે. દર વર્ષે અંદાજિત એક ટ્રિલિયન બીડીનું ઉત્પાદન થાય છે. બીડી પર ફક્ત એક પૈસો વેરો લાદવામાં આવશે તો પણ સરકારની મહેસૂલી આવકમાં રૂ. ૧૦૦૦ કરોડનો વધારો થશે. ભાવવધારાને કારણે બીડી પીનારા ઘટશે, જેને લીધે જાહેર આરોગ્ય સુધરશે. બીડીના ધુમાડામાં તમાકુનું ઘટક નાઈટ્રોસેમાઈન્સની ઉચ્ચ માત્રા છે, જે કેન્સર થવા માટે સૌથી જવાબદાર ઘટકમાંનું એક છે. આથી સરકારે બીડી પાન નાથવા ગંભીરતાથી વિચારવાની જરૂર છે.

બીડી સામે હંમેશાં એ સવાલ ઊઠતો રહ્યો છે કે ભારતમાં બીડી પીવાથી સૌથી વધુ મોત નીપજતા હોવા છતાં અન્ય તમાકુ ઉદ્યોગની જેમ બીડી પર વેરો લાદવામાં કેમ નથી આવતો. હાલમાં અન્ય સિગારેટોની તુલનામાં કિલોદીઠ વેરો બીડી પરનો વેરો ૩૦ ગણો ઓછો છે. આરોગ્ય મંત્રાલયની ભલામણ એવી છે કે બિન-ફિલ્ટરવાળી સિગારેટો પરનો વેરો પણ ફિલ્ટરવાળી સિગારેટો જેટલો જ હોવો જોઈએ, જેના થકી ૨૫ બીડીના પેકમાં રૂ. ૪થી વધારીને રૂ. ૮ થશે.

## દેશમાં વર્ષે એક ટ્રિલિયન બીડીનું ઉત્પાદન...



વિશ્વની તુલનામાં ભારતમાં સૌથી વધુ ૮૫ ટકાથી વધુ બીડીનું ઉત્પાદન થાય છે, દર વર્ષે એક ટ્રિલિયન બીડીનું ઉત્પાદન થાય છે

જો બીડી પર ફક્ત એક પૈસો વેરો લાદવામાં આવે તો પણ સરકારની મહેસૂલી આવકમાં રૂ. ૧૦૦૦ કરોડનો વધારો થશે.